ડીસા બસ સ્ટેન્ડમાં ખદબદતી ગંદકીના મુદ્દે વેપારીઓ વિફર્યા

એસ.ટી. વિભાગ નગરપાલિકા એસડીએમ અને આરોગ્ય વિભાગને આવેદનપત્ર આપ્યું

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૧૯

દેશમાં બીજા નંબરનું સ્થાન ધરાવતું ડીસાનું નવુ બસ મથક તેની ગંદકીને કારણે સતત વગોવાઈ રહ્યું છે. આડેધડ ફેકાતા કચરાના ઉકરડા અને ઉભરાતા ખાળકુવાને કારણે બસસ્ટેન્ડ ઘણા સમયથી ગંદકીમાં ગરકાવ બનેલું છે. આ બાબતે વારંવાર વેપારીઓ દ્વારા એસ.ટી. વિભાગને રજૂઆત કરવામાં આવે છે. પરંતુ એસ.ટી. વિભાગ સમગ્ર દોષનો ટોપલો કોન્ટ્રાક્ટર પર ઠોકી પોતાની જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કરી રહ્યું છે. પરંતુ અત્યારે ચોમાસાનો માહોલ સર્જાયો છે ત્યારે બસસ્ટેન્ડમાં પડેલ પારાવાર ગંદકીને કારણે ત્રાસી ગયેલા અઢીસો જેટલા દુકાનદારોએ પોતાની દુકાનો બંધ રાખી નાયબ કલેક્ટર નગરપાલિકા અને એસ.ટી. ડેપો મેનેજરને આવેદનપત્ર આપી આક્રોશ સાથે રજુઆત કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ડીસા શહેરના નવા બસસ્ટેન્ડમાં ગંદકીનો માહોલ ઘણા સમયથી ચર્ચાનો વિષય બની રહ્યો છે. સફાઈ માટે જેને કોન્ટ્રાક્ટ અપાયો છે તે કોન્ટ્રાક્ટરની લાપરવાહીને કારણે લાંબા સમયથી બસસ્ટેન્ડ ગંદકીમાં ગરકાવ બની રહ્યું છે. આ કોન્ટ્રાક્ટરને એસ.ટી. વિભાગ દ્વારા ગંદકીના મામલે નોટીસો પણ અપાઈ હોવાનું એસ.ટી. વિભાગ જણાવે છે. આમ છતાં ગંદકીનો મામલો નહી ઉકેલાતા બસ સ્ટેન્ડમાં ધંધા રોજગાર માટે બેઠેલા દુકાનદારો હવે ગંદકીથી તંગ આવી ગયા છે. તેમણે વારંવાર કરેલી રજૂઆતો પોકળ પુરવાર થતા અઢીસો જેટલા દુકાનદારો પોતાની દુકાનો બંધ રાખી એસ.ટી. તંત્ર સામે જાહેરમાં ઉતરી આવ્યા હતા અને ડીસા ડેપોના ઈન્ચાર્જ ડેપો મેનેજર નાયબ કલેક્ટર અને નગરપાલિકાને આવેદન પત્ર આપી ઘણા સમયથી છવાયેલો આક્રોશ વ્યક્ત કર્યો હતો. વેપારીઓ આરોગ્ય વિભાગમાં રજુઆત કરવા માટે ગયા હતા ત્યાં અધિકારીઓએ જણાવ્યું હતું કે સફાઈનો મુદ્દો અમારામાં આવતો નથી પરંતુ જ્યારે રોગચાળો ફાટી નીકળે ત્યારે તેને કાબુમાં લેવાની સત્તા અમારામાં છે. અધિકારીઓના આવા જવાબથી વેપારીઓમાં રોષ જોવા મળ્યો હતો. આમ છેલ્લા ઘણા સમયથી શહેરમાં જોવા મળતા કચરાના ઢગલા અને ઉભરાતા ખાળકુવાની ગંદકીથી ત્રાસી ઉઠેલા વેપારીઓની ધીરજ ખુટતા તેઓએ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

પાંચ દિવસમાં પ્રશ્ન ઉકેલવાની ખાતરી

ડીસાના નવા બસસ્ટેન્ડમાં ગંદકીથી ત્રાસી ઉઠેલા વેપારીઓ આજે તંત્ર સામે જાહેરમાં ઉતરી આવ્યા હતા અને ડેપો મેનેજર, નગરપાલિકા, એચડીએમ અને આરોગ્ય વિભાગને આવેદનપત્ર આપ્યું હતું. ત્યારે ડીસા ડેપોના ઈન્ચાર્જ મેનેજર દ્વારા સફાઈનો મુદ્દો પાંચ દિવસમાં ઉકેલવાની ખાત્રી આપી હતી અને સફાઈમાં બેદરકારી દાખવનાર કોન્ટ્રાક્ટરનો કોન્ટ્રાક્ટ જો સફાઈ નહી થાય તો રદ કરવાનું પણ જણાવ્યું હતું.

શિક્ષકના અભાવે મહેસાણાની કુકસ પ્રાથમિક શાળામાં ગ્રામજનો દ્વારા તાળાબંધી

મહેસાણા, તા. ૧૯

મહેસાણા નજીકના કુકસ ગામે પ્રાથમિક શાળામાં ધોરણ-૬ થી ૮માં શિક્ષકો ન હોવાથી બાળકોનું શિક્ષણ બગડતાં રોષે ભરાયેલ ગ્રામજનોએ શાળાના દરવાજે તાળુ મારી પોતાનો રોષ પ્રગટ કર્યો હતો.

જાણવા મળ્યા મુજબ મહેસાણા નજીકના કુકસ ગામે સરકારી પ્રાથમિક શાળામાં નવા સત્રથી શિક્ષણકાર્યનો પ્રારંભ થયો છે. પરંતુ આ શાળાના ધોરણ ૬ થી ૮ ના વર્ગોમાં બાળકોને ભણાવવા માટે શિક્ષકો ન હોવાથી બાળકોનું શિક્ષણ બગડી રહ્યું છે. આવી સ્થિતિથી ગ્રામજનોમાં રોષની લાગણી ફેલાઈ હતી અને રોષે ભરાયેલ લોકોએ શાળાના મુખ્ય દરવાજાને તાળુ મારી દીધુ હતુ. શાળાને તાળાબંધી કરવામાં આવી હોવાની તાલુકાના અધિકારીઓ અને પદાધિકારીઓને જાણ થતાં તેઓ કુકસ ગામે દોડી ગયા હતા અને નજીકના સમયમાં શિક્ષકોની ઘટ પુરાશે તેવી ગ્રામજનોને હૈયાધારણ આપી હતી. પરંતુ ગ્રામજનોને સંતોષ થયો ન હતો. ગ્રામજનોનું કહેવું છે કે જ્યાંસુધી શાળામાં શિક્ષકો નહીં મુકાય ત્યાં સુધી બાળકોને અભ્યાસ અર્થે શાળામાં મોકલીશું નહીં.

રાજ્ય સરકાર શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો કરીને બાળકોને ભણવા માટે પ્રોત્સાહિત કરે છે પરંતુ ખાટલે મોટી ખોડ સરકારી પ્રાથમિક શાળામાં જરૂરી શિક્ષકોની નિયુક્તિ ન કરતાં સરવાળે બાળકોનું ભાવિ અંધકારમય બને તેવી સ્થિતિ પેદા થઈ છે.

મહેસાણા જિલ્લામાં શહેરી કક્ષાના શાળા પ્રવેશોત્સવમાં ૧૮૬૦ ભુલકાંઓનું નામાંકન કરાશે

મહેસાણા, તા.૧૯

આજથી તારીખ ૨૦ જુન થી ૨૨ જુન સુધી શહેરી કક્ષાના શાળા પ્રવેશોત્સવની શરૂઆત થઈ ગયેલ છે. શહેરી કક્ષાના શાળા પ્રવેશોત્સવમાં ૧૮૬૦ બાળકોનું નામાંકન કરાશે. જેમાં ૯૩૨ કન્યા અને ૯૨૮ કુમાર બાળકોનો સમાવેશ થનાર છે. મહેસાણામાંથી ૪૯૭, ખેરાલુમાંથી ૪૨, વડનગરમાંથી ૨૬૬, કડીમાંથી ૧૮૪, વિસનગરમાંથી ૩૪૮, ઊંઝામાંથી ૩૦૨ અને વિજાપુરમાંથી ૨૨૧ બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવશે. આ ઉપરાંત શહેરી કક્ષાના ૩૨૦ વિદ્યાલક્ષ્મી બોન્ડ કન્યાઓને આપવામાં આવશે.

શાળા પ્રવેશોત્સવમાં ૨૦ જુન ૨૦૧૩ના રોજ ગૃહરાજયમંત્રીશ્રી રજનીકાન્ત પટેલ દેલા વસાહત, ઈન્દિરાનગર, મહેસાણા કુમાર-૧ અને કન્યા શાળા-૨ તેમજ મહેસાણા શાળા-૩ની મુલાકાત લેનાર છે. ૨૧ જુન ૨૦૧૩ના રોજ નાણા અને આરોગ્ય મંત્રીશ્રી નીતીનભાઈ પટેલ મહેસાણા શહેરની સંજયનગર, મગપરા અને ટીબી રોડ શાળાની મુલાકાત લેનાર છે.

૨૨ જુન ૨૦૧૩ના રોજ નાણા અને આરોગ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ નાગલપુર કુમાર અને કન્યા મહેસાણા ૦૫ અને ૦૬ દેદીયાસણ ઈન્ડસ્ટ્રીઝ શાળાની મુલાકાત લેનાર છે.

૨૨ જૂન ૨૦૧૩ના રોજ ગૃહ રાજય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલ વિજાપુર કુમાર અને કન્યા શાળા ઈન્દિરાનગર, વિજાપુર ૦૨, ૦૩ અને ૦૪ પ્રાથમિક શાળાની મુલાકાત કરી બાળકોને નામાંકન કરાવનાર છે.

સંસદ સભ્યશ્રી જયશ્રીબેન પટેલ કડી અને વિસનગર શહેરની પ્રાથમિક શાળા સરદાર પટેલ સહભાગી જળસંચય સમિતિના ચેરમેનશ્રી અંબાલાલ પટેલ ઊંઝા, ખેરાલુ અને વડનગર શહેરની પ્રાથમિક શાળાઓ એનજીઓવલોપમેન્ટ એજન્સીના ચેરમેન ઈશ્વરભાઈ ભાવસાર વિસનગર શહેરની પ્રાથમિક શાળાની મુલાકાત લઈ ભુલકાંઓનું નામાંકન કરાવનાર છે.

ખેડબ્રહ્માની ગણેશ સોસાયટી વિસ્તારમાં ઓછા વીજ પ્રવાહથી લોકો પરેશાન

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્માની ગણેશ સોસાયટી તથા આજુબાજુના વિસ્તારમાં ઓછા વીજ પ્રવાહના કારણે લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. કારણ કે પ્રવાહના લીધે વીજ ઉપકરણો ચાલુ ન થતા રાત્રી દરમિયાન વૃદ્ધો-બાળકો, મહીલાઓ પરેશાન થઈ રહ્યા છે. આ અંગે યુ.જી.વી.સી.એલ.માં લેખિત રજૂઆત કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્માની ગણેશ સોસાયટી વિસ્તારના જોષી પિનાકીન શંકરલાલ ત્રિવેદી, મુકુંદકુમાર મણીલાલ મિસ્ત્રી, ગંગારામ માધવરામ તથા જોષી વિજયકુમાર નારાયણદાસ સહિતના અન્ય રહીશોના જણાવ્યા પ્રમાણે ખેડબ્રહ્મા યુજીવીસીએલ દ્વારા પુરતા વોલ્ટેજથી વીજ પુરવઠો પુરો પાડવામાં આવતો નથી. ઓછા વોલ્ટેજના કારણે વીજ ઉપકરણો ચાલુ જ થતા નથી અને ચાલુ થઈ જાય તો પુરતો પ્રકાશ મળતો નથી જેથી સોસાયટીના રહીશો પરેશાન થઈ રહ્યા છે. ઓછા પ્રકાશમાં વરિષ્ઠ નાગરિકો પડી જવાથી એક બે ને ઈજા થવાના પણ બનાવ બનવા પામ્યા છે. ઓછા પ્રકાશમાં બાળકોને અભ્યાસ કરવામાં આંખો ખેચવી પડે છે. જેથી તેમની આંખોને નુકશાન થવાની સંભાવના છે. રસોઈ કરવામાં મહિલાઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

આ બધી મુશ્કેલીઓનો સામનો કરી રહેલા ગણેશ સોસાયટીના રહીશોમાં રોષ ફેલાયો છે. આ વિસ્તારમાં વીજ વપરાશ વધી જવાથી ડીપીનો વોલ્ટેડ ઓછા પડતા હોવાથી ડીપી બદલવાની માગણી સાથે યુજીવીસીએલમાં વારંવાર મૌખિક તથા લેખિતમાં રજૂઆતો કરી છે. આ સમસ્યાનો સત્વરે ઉકેલ કરવામાં નહી આવે તો સત્યાગ્રહ કરવાની સોસાસયટીના રહીશોએ ચીમકી ઉચ્ચારી છે. આ અંગે યુજીવીસીએલના નાયબ ઈજનેર વી.એન. કરોવાએ જણાવ્યું હતું કે સોસાસયટીના રહીશો દ્વારા ડી.પી.ની જગ્યા બતાવવામાં આવશે તો નવી ડીપી નાખીશુ.

હિંમતનગરમાં જિલ્લા યુવા કોંગ્રેસ દ્વારા રાહુલ ગાંધી જન્મદિને રક્તદાન શિબિર યોજાઈ

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર ઈન્ડિયન રેડક્રોસના સહયોગથી સાબરકાંઠા જિલ્લા યુવક કોંગ્રેસે બુધવારે હિંમતનગર ખાતે આવેલ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીના ૪૩માં જન્મદિન ઉજવણી કેક કાપવાને બદલે રક્તદાન શિબિર યોજીને કરી હતી. જેમાં યુવક કોંગ્રેસના કાર્યકરો અને હોદ્દેદારોએ ૪૩માં જન્મ દિને ૪૩ બોટલ રક્તદાન કર્યું હતું. આ રક્તદાન શિબિરમાં જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ વનરાજસિંહ રાઠોડ, ગોપાલસિંહ રાઠોડ, નિર્મલાબેન પંચાલ, કાંતિ ખરાડી, કિરીટસિંહ રમલાવત, જીતુભાઈ બરંડા, મહાવીરસિંહ રાઠોડ, ઉત્તમ રાઠોડ, યુસુફ બચ્ચા, ઈમરાન દાવડા સહીતના યુવા કાર્યકરો ઉપસ્થિત રહી ભાગ લીધો હતો.

બોલુન્દ્રા ગામે ઝઘડાના સમાધાન માટે ગયેલ યુવાન પર તલવાર વડે હુમલો કરતા મોત

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ચુનાખાણનો યુવાન છ દિવસ પહેલા બોલુન્દ્રા ગામે થયેલ ઝઘડાના સમાધાન માટે ગયો હતો જ્યાં ગામના ત્રણ ઈસમોએ આ યુવાનને તલવાર અને લાકડી વડે હુમલો કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી હતી. જે ગંભીર યુવાનનું સારવાર દરમિયાન મંગળવારે રાત્રીના ઈડર સિવિલમાં મોત નીપજ્યું હતું. આ અંગે ભિલોડા પોલીસમથકે બુધવારે બોલુન્દ્રાના ત્રણ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે ભિલોડા પોલીસમથકના પીએસઆઈ વી.યુ. ચાવડાએ જણાવ્યું હતું કે ચુનાખાણના મહેશભાઈ બરંડાને બોલુન્દ્રાના પ્રવીણભાઈ, અનિલભાઈ અને નરેશભાઈ સાથે રિક્ષા અંગે ઝઘડો થયો હતો. જેના સમાધાન માટે ગત ૧૪મી જુનને શુક્રવારે મહેશભાઈના ભાઈ બાબુભાઈ સતીશભાઈ બરંડા અને કલ્પેશકુમાર સુરજીતભાઈ ડામોર બંને જણા બોલુન્દ્રા ગામે ગયેલા જ્યાં બપોરે ૨.૩૦ વાગેના સુમારે સમાધાન માટે બાબુભાઈ અને કલ્પેશકુમારને બીભત્સ ગાળો બોલતા હતા જેથી બાબુભાઈએ ગાળો બોલવાની ના પાડતા પ્રવીણભાઈએ તલવાર વડે બાબુભાઈને માથાના અને કમરના ભાગે ઘા માર્યા હતા અને અનિલભાઈએ લાકડી વડે શરીરે માર મારેલા ઉપરાંત નરેશભાઈએ કલ્પેશકુમારને પણ લાકડી વડે માર માર્યો હતો. આ હુમલામાં ૨૨ વર્ષીય બાબુભાઈ સતીશભાઈ બરંડાને ગંભીર ઈજાઓને કારણે તાત્કાલિક સારવાર માટે ભિલોડા કોટેજ હોસ્પિટલ ત્યાંથી હિંમતનગર સિવિલ અને ત્યાંથી અમદાવાદ સિવિલ અને ત્યાંથી મોડાસા ખાતે લી ગયેલા ત્યાર બાદ ઈડર ખાનગી દવાખાને લી ગયેલ જ્યાં મગંળવારે રાત્રીના સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ત્યાર બાદ બાબુભાઈની લાશને બુધવારે સવારે ઈડર સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે લાવ્યા હતા. બનાવ અંગે ભીલોડા પોલીસમથકે બુધવારે ચુનાખાણના કલ્પેશકુમાર સુરજીભાઈ ડામોરે ફરિયાદ નોંધાવતા પોલીસે બોલુન્દ્રાના પ્રવીણભાઈ, અનિલભાઈ અને નરેશભાઈ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ટચુકડી જાહેર ખબર

દર ગુરૂવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

તલોદ

મગફળી	૬૦૦	૯૦૭
મગ	૭૫૦	૯૦૧
મકાઈ	૨૪૦	૨૭૦
એરંડા	૬૮૦	૬૯૨
ઘઉં	૩૦૨	૩૬૫
બાજરી	૨૫૦	૨૯૫
વરીયાળી	૯૮૧	૧૫૪૧
ગવાર	૧૨૭૦	૧૩૮૧

સલાલ

મગફળી	૮૦૦	૯૨૦
ઘઉં	૩૧૫	૩૫૦
બાજરી	૨૫૫	૨૭૧
ડાંગર જવા	૩૦૦	૩૩૦
ડાંગર ગુજ	૩૪૫	૩૭૦

પ્રાંતિજ

એરંડા	૬૬૦	૬૭૦
ઘઉં	૩૦૦	૩૪૦
બાજરી	૨૬૦	૨૭૫
ડાંગર ગુજ	૩૪૫	૩૭૦
ડાંગર જયા	૩૦૦	૩૩૧

ધનસુરા

એરંડા	૬૭૦	૬૮૧
મકાઈ	૨૫૦	૨૮૫
ઘઉં	૩૧૦	૩૬૦
બાજરી	૨૬૫	૨૭૩
ગવાર	૧૩૫૦	૧૪૨૫

ખેડબ્રહ્મા

ઘઉલોકવાન	૩૦૫	૩૩૫
ઘઉંમધ્ય	૩૨૦	૩૭૨
મકાઈ	૨૪૦	૨૭૪
એરંડા	૬૬૦	૬૬૫
મગફળી	૭૭૨૫	૮૦૦
મગ	૮૫૦	૧૦૬૦

મોડાસા

રાયડો	૫૮૦	૬૦૫
એરંડા	૬૭૦	૬૮૧
જુવાર	૩૮૦	૪૧૮
બાજરી	૨૫૦	૨૯૮
મકાઈ	૨૬૦	૨૮૩
ઘઉં	૩૦૫	૩૮૦
મગફળી	૭૦૦	૮૬૦
ગવાર	૧૩૦૦	૧૩૬૫
વરીયાળી	૧૧૦૦	૧૩૯૦
ચણા	૫૦૦	૫૮૦
સોયાબીન	૭૩૦	૭૬૦

ટીંટોઈ

એરંડા	૬૫૦	૬૭૦
બાજરી	૨૫૦	૨૬૯
મકાઈ	૨૪૦	૨૮૦
ઘઉં	૩૦૦	૩૪૫
મગફળી	૭૦૦	૭૭૫
ગવાર	૧૨૫૦	૧૩૫૦

દહેગામ

બાજરી	૨૬૮	૨૯૨
ઘઉં	૩૧૦	૩૪૨
ડાંગર	૨૭૫	૨૮૦
એરંડા	૬૮૫	૬૯૭
ગવાર	૧૩૨૫	૧૩૮૦
મકાઈ	૨૭૫	૩૦૦
તુવેર	૫૩૦	૬૬૫
જુવાર	૩૪૧	૪૩૦
રાયડો	૫૬૦	૫૯૬

રખિયાલ

બાજરી	૨૬૬	૨૯૦
ઘઉં	૩૦૫	૩૪૦
ડાંગર	૨૭૦	૨૭૫
એરંડા	૬૮૦	૬૯૫
ગવાર	૧૩૦૦	૧૩૬૦
મકાઈ	૨૭૦	૨૯૦
તુવેર	૫૨૫	૬૬૦
જુવાર	૩૩૫	૪૧૫
રાયડો	૫૫૦	૫૯૦

ઈડર

ઘઉં	૩૨૦	૩૬૦
મકાઈ	૨૫૦	૨૮૦
એરંડા	૬૬૫	૬૮૧
બાજરી	૨૫૦	૨૭૭
મગફળી	૬૪૫	૯૩૧
ગવાર	૧૩૦૦	૧૪૧૨
જુવાર	૩૨૫	૩૫૦
મગ	૯૦૦	૧૦૧૦

કડી

સવા	૫૯૦	૭૦૦
તુવેર	૭૮૦	૮૨૩
ઘઉં	૨૯૦	૩૭૬
જુવાર	૩૮૦	૪૧૬
ડાંગર	૨૬૦	૩૮૨
બાજરી	૨૩૦	૨૭૮
જવ	૨૭૧	-
ગવાર	૧૩૪૫	૧૪૩૧
એરંડા	૬૬૫	૬૭૩
રાયડો	૫૮૫	૬૦૨
જીરૂ	૨૦૦૦	૨૪૫૦
તલ	૧૮૫૦	૨૦૩૧

પાલનપુર

ઘઉં	૩૧૦	૩૯૫
બાજરી	૨૨૯	૨૯૧
એરંડા	૬૬૫	૬૮૧
રાયડો	૬૧૩	૬૨૦
રાજગરો	૭૬૧	૧૦૪૦
જુવાર	૫૪૧	૬૦૫
મગફળી	૭૧૧	૯૪૦
મગ	૧૦૦૦	૧૧૧૮

સિદ્ધપુર

રાજગરો	૧૨૦૧	૧૨૨૩
રાયડો	૫૭૮	૬૨૩
ગવાર	૧૩૪૫	૧૪૫૧
ઘઉં	૨૮૦	૩૯૫
બાજરી	૨૩૧	૩૧૩
જુવાર	૩૬૪	૬૨૦
જીરૂ	૧૩૨૬	૨૩૨૧
સવા	૭૧૧	-

વિસનગર

ઘઉં	૩૦૦	૩૭૭
બાજરી	૨૫૦	૩૨૦
રાયડો	૫૮૦	૬૩૮
એરંડા	૬૬૫	૬૯૧
જુવાર	૩૦૦	૫૭૦
તલ	૧૩૩૫	૧૯૦૫
મેથી	૫૦૦	૫૪૦
ગવાર	૧૩૦૦	૧૪૦૦
રાજકાના બી	૧૫૦૦	૨૭૧૦

મહેસાણા

જુવાર	૪૦૭	૫૮૧
ઘઉં	૨૯૩	૩૯૩
જીરૂ	૧૯૦૦	૨૪૨૦
રાયડો	૫૪૦	૬૧૪
મેથી	૫૦૮	૫૨૯
સવા	૬૨૫	૬૯૩
બાજરી	૨૩૦	૨૮૬
એરંડા	૬૩૦	૬૮૬
અજમો	૭૦૦	૧૧૯૯
ગવાર	૧૩૩૨	૧૪૦૧
બંટી	૩૭૫	૩૮૦

આંબલીયાસણ

ઘઉં	૨૯૭	૩૫૯
બાજરી	૨૩૫	૨૮૭
રાયડો	૫૯૭	૬૧૦
એરંડા	૬૬૫	૬૭૪
ગવાર	૧૩૪૦	૧૩૯૭
જવ	૨૪૦	-
જુવાર	૩૫૦	૪૦૦

જોટાણ

ઘઉં	૨૯૦	૩૬૫
એરંડા	૬૬૩	૬૭૫
રાયડો	૫૭૮	૬૧૬
બાજરી	૨૨૫	૨૭૫
ગવાર	૧૨૭૧	૧૩૦૫
જુવાર	૪૩૨	-

હારીજ

મેથી	૫૦૦	૫૫૦
રાયડો	૬૦૦	૬૩૭
સાસટો	૩૨૫	૪૫૧
બાજરી	૨૩૦	૨૮૭
ઘઉં	૨૯૦	૪૧૧
ગવાર	૧૩૦૦	૧૪૧૮
અડદ	૫૦૦	૭૦૦
મગ	૯૩૦	-
ચણા	૫૫૦	૬૧૫
જીરૂ	૨૨૦૦	૨૫૬૦
સવા	૬૦૦	૭૦૦
બંટી	૩૫૦	૪૦૧

કલોલ

ઘઉં	૩૧૦	૩૬૨
એરંડા	૬૭૦	૬૮૪
બાજરી	૨૦૦	૨૯૧
રાયડો	૬૦૦	૬૦૭
ડાંગર	૨૭૦	૩૬૫
ગવાર	૧૩૦૦	૧૩૬૧
જુવાર	૩૭૦	૪૨૪
જવ	૨૫૦	-

બાયડ

એરંડા	૬૫૦	૬૮૦
ઘઉં	૩૦૦	૩૮૦
બાજરી	૨૬૦	૨૭૦
મકાઈ	૨૭૦	૨૯૦
ગવાર	૧૧૦૦	૧૨૫૦

પાટણ

જીરૂ	૧૮૦૦	૨૩૦૧
વરીયાળી	૭૫૦	૧૪૨૬
બંટી	૩૯૦	૪૦૯
રાયડો	૫૩૦	૬૩૦
એરંડા	૬૪૦	૬૮૧
ઘઉં	૩૦૦	૩૯૫
જુવાર	૩૨૦	૪૧૧
બાજરી	૨૬૦	૨૮૭
ગવાર	૧૩૫૦	૧૪૯૦
મેથી	૫૦૦	૫૬૦
સવા	૬૧૬	૭૩૦

ઉંઝા

જીરૂ	૧૮૦૦	૨૭૧૮
વરીયાળી	૭૮૦	૨૦૫૦
ઈસબગુલ	૧૧૫૦	૧૫૩૮
સરસવ	૫૯૧	૬૫૬
રાયડો	૫૬૦	૬૩૪
મેથી	૫૨૭	૫૪૩
તલ	૧૭૧૧	૨૨૮૫
સવા	૭૨૦	-